પ્રકાશકના બે બોલ

સ્વજ્ઞાતિના લેખકોને આશ્રય આપનાર વિદ્યાવિલાસી
ઠજી નથુભાઇ ોણસી કોઠારી તરફથી લેખક
અત્યુત્તમ નિબંધને માટે રૂ. ૧૦ નું પારિ
ાવામાં આવ્યું હતું. અને લેખક ભ્રાતાના જણા-
ણે તેજ માન્યવર શેઠજી નથુભાઇની આજ્ઞાથી
પુસ્તકના રૂપમાં પ્રગટ કરવાને અમારા પાસે તે
કલાવ્યો છે. અને અમે ઘણાજ હર્ષપૂર્વક તે કાર્ય
ારણ કે અભાગી આર્યાવર્તમાં અજ્ઞાનાંધકાર
લોકોએ ટકા પ્રાપ્ત કરવાને આવી અનેક
ધર્મને નામે ઘુસાડી ભારતને ગારત
.. છે. અને તેથી આવી અસંખ્ય 'ટ્રેકટબુકો'
.ના બહાર પાડવાની આવશ્યકતા છે.

મરણ પાછળનાં જમણ, કુટુમ્બ, જ્ઞાતિ અને સારા
કેટલાં નુકસાનકારક છે તે આ નિબંધના લેખકે
ાવવા પ્રયત્ન કર્યો છે! 'મૃત વડીલોના પછવાડે
શ કરવુંજ નહિ' એવી લેખકની માન્યતા છે એમ
સ્વાર્થી ભૂદેવ ભોળા વાંચકને ભડકાવી મારે તો
મકનો ઉદ્દેશ પવિત્ર છે, અને તે

છે કેઃ– જીવતાં માતુ પિતાદિ વડીલોનું શ્રદ્ધા પૂર્વ.
કરવું તેજ **સત્ય શ્રાદ્ધ.** અને મુઆ પછી પણ
એનાં અધુરાં રહેલાં પવિત્ર કાર્યોને પૂર્ણ કરી
સ્મૃતિને હૃદયમાં નિરંતર જાગૃત રાખવા
તેમના નામે પરમેશ્વર પ્રીત્યર્થે ગુરૂકુળો, એ
થાશ્રમો આદિ પરોપકારી સંસ્થાઓને આપી
ના પૈસાનો સદ્વ્યય કરી પોતાના આત્માને
ન કરવો. પરન્તુ નિરક્ષર નામધારી બ્રા
આખલાઓને પોષી, તેઓને આળસુ નિરૂદ્યમી
યામાં અધર્મ પ્રવર્ત્તાવવો તે સર્વથા ત
આ મૃત પૂર્વજોને પહોંચાડવાનો કમીશ
લાવનાર ઠેકકેદારો ઉલટા નિરંકુશિત બ
એ હવે સૌ કોઇ સમજી શકે છે. અહ
વાથી મૃત પિતૃઓને બધુ પહોંચે છે એ મા
ભ્રમ મૂલક છે એ આ નિબંધથી સૌ કોઇ સમજી
વળી સાદી બુદ્ધિથી સ્હેજ વિચાર કરતાં પણ સમ
કેઃ–ભલા માનો કે આપણા પૂર્વજો સ્વર્ગમાં છે
નાં અલૌકિક સુખ મૂકીને પાંચ રૂપીયાભાર ખ
પોતાના પુત્રોને ‘ કાકા ’ ‘ કાકા ’ કહેવા ક
ધારણ કરવાની ઉપાધી શા માટે
નર્કમાં છે તો નર્કના

ખીરપુરી ખાવાને આવવા કેમ દીએ? વિચાર કરતાં આ બધા પ્રપંચો સ્વાર્થી લોકોએ ઉભા કરી ભોળી દુનિયાને ભમાવી નાખી છે.

લેખક ભ્રાતાએ આ નિબંધ રચવામાં ઠીક શ્રમ લીધો છે. અને અમો ઇચ્છીએ છીએ કે શ્રીમાન સદ્‌ગૃહસ્થો તરફથી વિનામૂલ્યે અજ્ઞાન પ્રજાવર્ગમાં આવી ટ્રેકટ બુકો પ્હોંચાવી જોઇએ. આ નિબંધનો યોગ્ય સત્કાર થશે. અંતમાં અમારા ભારતવાસી ભાઇઓ સત્ય શ્રાદ્ધની પ્રાચીન પ્રણાલી સમજી તે પર ચાલવા કટીબદ્ધ થાય એવી પ્રભુ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

અમદાવાદ.
શરદ્ પૂર્ણિમા.
૧૯૭૧.

નારાયણજી ગોકળદાસ ડોસાણી.

સ્વર્ગમાંથી સંદેશો સાંભળશો કે?

લોહાણા-ક્ષત્રિય કોમની ગાય સમ રંક બાળાઓ પર અને અન્ય પ્રસંગોમાં પ્રપંચી પુરોહિતોના ધર્મને નામે ફરજીયાત લાગા-ટેક્સો કેટલા 'શ્રૃષ્ટી ક્રમથી' વિરૂદ્ધ અને નીતિથી નઠારા છે? પાખંડી પુરોહિતોએ નિન્દીત રૂઢીઓની સાંકળમાં ક્ષત્રિય જાતિને કેટલી હદ સુધી જકડી તેની પ્રાચીન મહત્વતા નષ્ટ કીધી છે? એ તમારે જાણવું હોય, અને તમારૂં પ્રાચીન ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવું હોય તો સત્વર મંગાવો:—

સ્વર્ગમાં સેશન્સ્

યાને

પાખંડી પુરોહિતોનું પોકળ.

નામનું ક્ષત્રિય કોમનું લાડીલું લાડકવાયું પુસ્તક. જે અત્યંત બોધદાયક. [illegible]

મનોરંજક ભાષામાં [illegible]

સત્ય-શ્રાદ્ધ.

યાને

મરણ પાછળનાં જમણોથી થતા ગેરફાયદા.

इश्वर स्तुति.

अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान्।
युयोऽध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥

यजु. अ. ४. १६

અર્થઃ-હે સ્વયં પ્રકાશ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, સર્વ પ્રકાશક સકલ સુખદાતા પરમેશ્વર! આપ સંપૂર્ણ છો. કૃપા કરીને અમને વિજ્ઞાન વા રાજ્યાદિ પ્રાપ્તિને માટે ધર્મ યુક્ત આપ્ત લોકોના માર્ગ-

સંપૂર્ણ પ્રજ્ઞાન અને ઉત્તમ કર્મ પ્રાપ્ત કરાવો અને કુટીલતા યુક્ત પાપ રૂપ કર્મને અમારાથી દૂર કરો. કે જેથી અમે આપની અનેક પ્રકારે નમ્રતાપૂર્વક સ્તુતિરૂપ પ્રસંશા ... કર્યા કરીએ અને સર્વદા આનંદમાં રહીએ.

મરણુ પાછળનાં જમણોની ઉત્પત્તિ.

એક સમય એવો હતો કે જ્યારે સમગ્ર ભારત દેશમાં વૈદિક—સર્વોત્કૃષ્ટ ધર્મ પ્રચલિત હતો. ચારે વેદોને યથાર્થ રીતે જાણનાર અનેક ઋષિ, મહર્ષિઓ આ પવિત્ર ભુમિપર વિચરી તેને વિશેષ પવિત્ર કરતા હતા. તેઓ મનુષ્યોને વેદોનો સત્ય ઉપદેશ આપી, ધર્મનો સત્ય માર્ગ દર્શાવી, તેમની આત્મિક તેમજ સંસારિક ઉન્નતિ કરતા હતા. અને તેને લીધેજ મહત્મા રામચંદ્રજી તથા શ્રી કૃષ્ણચંદ્ર જેવા વેદ પારાંગત પુરૂષો તથા અરૂંધતિ, મૃદાલશા, અને ગાર્ગી જેવી વિદુષી મહિલાઓનાં દર્શન કરવાને ભારતવર્ષ ભાગ્યશાળી થયો હતો. પરન્તુ અફસોસ! અમા પૂર્વજો જે ઉપરોક્ત રીતે સુખ તથા આનંદ અનુભવતા તે સુખ તથા આનંદપર દુઃખ તથા વિપત્તિનું એ બાદળ ચઢી આવ્યું; તે કાળું વાદળ અન્ય કોઇ ~ મહાભારતનું તિમિર યુદ્ધ. પાંડવો તથા કૌરવે અંદરના કુસંપને લઇને ઉદ્ભવેલા આ મહાભ યુદ્ધ રૂપી હોમમાં વિર ક્ષત્રિયોજ નહિ કિન્તુ વે

જ્ઞાન ધરાવનાર લક્ષાવધિ બ્રહ્મર્ષિઓ, ધર્માચાર્યો તથા સત્ય ઉપદેશકોની પણ આહુતી અપાઈ ગઇ. એ બીના સુશિક્ષિતોથી જ્ઞાત છે. તે હોમની સમાપ્તિ થયા બાદ ભારતવર્ષને અજ્ઞાન રૂપી મહાન અંધકારે નિજ આસ કરી લીધો અને તે અજ્ઞાનને લઇને કુસંપ, ઈર્ષા, સ્વાર્થ બુદ્ધિ વિગેરે દુર્ગુણોએ અરક્ષિત ભારતવર્ષમાં પ્રવેશ કર્યો. તે સ્વાર્થ બુદ્ધિને અંગે તે સમયના સ્વાર્થાન્ધ બ્રાહ્મણોએ વેદ મંત્રોના સત્ય અર્થોને ગુપ્ત રાખી તેના ઉલટા અર્થ કરી બતાવ્યા તથા પોતાની ચાણક્ય બુદ્ધિ વડે સંખ્યાબંધ ગાથાઓ અને કલ્પિત પુરાણો રચ્યાં. અને તે વ્યાસાદિ ઋષિઓનાં બનાવેલાં જણાવી તે જન સમુદાયમાં પ્રસિદ્ધ કર્યાં. ભાગવતાદિ પુરાણમાં શ્રાદ્ધને મરણ પછીનાં જમણનું રૂપ આપીને મરણ પાછળ મહોત્સવ કરવાની આજ્ઞા કરી અને તેમાંજ ધર્મનું ખરૂં રહસ્ય રહેલું હોવાનું લોકોને બતાવ્યું.

શ્રાધ્ધનો સત્ય અર્થ.

ભારતીય બન્ધુઓ તથા સુશિલ ભગિનીઓ ! વેદના કોઈ પણ પુસ્તકમાં અથવા પ્રાચિન ઋષિ મુનિઓના કોઈ પણ ગ્રંથમાં શ્રાદ્ધ એટલે મરણ પાછળનાં જમણ એવો અર્થ થએલો નથી; જો કે વેદમાં શ્રાદ્ધ કરવાની આવશ્યકતા જણાવી છે પણ આપણા હિન્દુ પદધારી આર્યબન્ધુઓ આધુનિક સમયે તેને ઉલટું રૂપ આપી જે મરણ પાછળ

મહોત્સવ કરે છે તેવા અર્થનો ઉલ્લેખ વેદમાં કોઇ સ્થળે થયેલો નથી. વેદના અર્થ પ્રમાણે શ્રાદ્ધનો સત્ય અર્થ **"જીવતાં માતા પિતા તથા સદાચારી આચાર્યોની તન મન અને ધન વડે ઉત્તમ રીતે સેવા કરવી** તે છે." જુઓ તે વિષેનું પ્રમાણ. "श्रत सत्यम् નિઘંટુ અ. ૩ ખંડ ૧૦ श्रद् दधाति यथा सा श्रद्धा। श्रद्धया यत् क्रियते तच्छ्राद्धम्। સત્યનું જેમાંથી ગૃહણ થાય તેનું નામ શ્રદ્ધા અને શ્રદ્ધા પૂવક જે સેવા કરવામાં આવે તેનુ નામ શ્રાધ્ધ છે.

આ પ્રમાણથી સર્વને પ્રત્યક્ષ થશે કે જીવતાં માતા પિતાની એક નિષ્ટાથી સેવા કરવી તેનું નામ શ્રાદ્ધ છે. પરન્તુ અમારા આધુનિક ભારતીય બન્ધુઓએ આથી ઉલટી જે રીત પકડી છે તે ખરેખર આશ્ચર્ય જનક સાથે દીલગીરી ભરેલી છે. જ્યારે માતા પિતા જીવતાં હોય ત્યારે તો તેમને અનેક રીતે કષ્ટ આપવું, વૃથા ગાળો દેવી, હર કોઈ ખોટાં બ્હાનાં શોધી તેમની સાથે નિશદિન ઝગડા કરી તેમને સંતાપના દાવાગ્નિમાં પ્રજ્વલિત કરવાં, વૃદ્ધ માતા પિતાનાં ભરણ પોષણમાં પણ અનેક પ્રકારની શિથિલતા દર્શાવવી એટલુંજ નહિ પણ એવા કેટલાક દાખલા અમારી દ્રષ્ટિએ પડેલા છે કે જેમાં સુરવીર પુત્રો નિજ વૃદ્ધ માતા પિતાને મારવાને પણ ચુકતા નથી ! માતા પિતા જીવતાં તો તેમની સાથેની પુત્રોની વર્તણુંક આ પ્રમાણેની હોય છે, પરન્તુ

તેમના મરણ બાદ લોકાપવાદની બીકથી અથવા ખોટો યશ પ્રાપ્ત કરવાની આશાથી અથવા તેવાં કોઈ અન્ય કારણોને અંગે જે પુત્રો જીવતાં માતાપિતાને નિરંતર દુઃખ તથા ક્લેશના કુંડમાં ઝબોળી રહ્યા હતા તેજ પુત્રો તેમના મરણ બાદ તેમની પાછળ મિષ્ટાન્ન ઉડાવવા તત્પર થઈ તે વડે તેમની પૂર્ણ સેવા કરવાનું માની લઈ પોતાને કૃતાર્થ થએલા ગણી અતિશય મલકાય છે. કબીરે સત્ય કહ્યું છે કેઃ—

જીતે પિતાકુ સુખ નહિ, મુવે હાડ લે ગંગા ચલા;
જલ ચુનકા પિણ્ડા દિયા, તર્પણ કીયા તો કયા ભયા.

અફસોસ ! સદ્દ હજાર અફસોસ ! ભારત માતા ! ! ત્હારા વ્હાલા પુત્રોની આ અયોગ્ય વર્તણુંક નિહાળી તું ચિંતાગ્રસ્ત થઇ વારંવાર નિશ્વાસ મૂકયા કરે તો તેમાં જરા પણ આશ્ચર્ય નથી.

શાસ્ત્રીય દ્રષ્ટીથી મરણ પાછળનાં જમણોનું અવલોકન તથા તેના ગેર ફાયદા

ભારતીય બન્ધુઓ ! આપ ખાત્રીથી માનજો કે જીવતાં માતા પિતાની લેશ માત્ર દરકાર નહિ કરતાં તેમના મરણ બાદ તેમના આત્માની તૃપ્તિ માટે આપણા તરફથી મરણ પાછળ જમણો કરવાનો પ્રયત્ન સત્શાસ્ત્રોથી તદ્દન પ્રતિકુળ હોઇ તે નિરર્થક છે, એટલુંજ નહિ પણ તેનાથી આપણે અનેક પ્રકારના ગેરફાયદા આપણા શિરપર વ્હોરી

લઇએ છીએ. દરેક બન્ધુ જાણે છે તેમ મરી ગયેલા મનુષ્યોના સ્થુલ શરીરને આપણા તરફથી બાળી અથવા દાટી મૂકવામાં આવે છે અને તેમના આત્માનો પરમાત્મા તત્ક્ષણાત્ યથાયોગ્ય ન્યાય કરી તેમણે આ જન્મમાં કરેલાં સારાં તેમજ ખરાબ કૃત્યોનો યોગ્ય બદલો આપવા માટે તેમને પુનર્જન્મ આપવામાં આવે છે. આ વિષે ગીતામાં પણ કૃષ્ણ ચંદ્ર યોગેશ્વરે કથેલું છે કેઃ—

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णा न्यन्यानि संयाति नवानि देही ॥

गीता अ. २ श्लो, २२.

અર્થ—જેવી રીતે મનુષ્ય જૂનાં કપડાંનો ત્યાગ કરીને બીજાં નવાં કપડાંને ધારણ કરે છે તેવીજ રીતે આ દેહ જૂના શરીરને ત્યાગીને નવા શરીરને પ્રાપ્ત થાય છે.

જે પુસ્તકને અમારા ભારતીય બન્ધુઓ માનનીય ગણે છે તે ગીતાજીના ઉપરોકત શ્લોકથી તેમને પ્રતીત થયા સિવાય રહેશે નહિ કે મનુષ્યના મરણ બાદ તુરતજ તેનો બીજો જન્મ થાય છે. અને તેથી મરણ પામેલા મનુષ્યોના આત્માની તૃપ્તિને માટે આપણા તરફથી લાંબી મુદ્દત સુધી જમણ કરવું એ ભગવાન કૃષ્ણચંદ્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું છે એટલુંજ નહિ પરન્તુ આપણા ઉત્તમ શાસ્ત્રો વિરૂદ્ધની આપણી આ વર્તણુંક તેમને જબરો આઘાત કરનારી છે

કદાચ અમારા બન્ધુઓ એવી દલીલ રજુ કરે કે "આપણા મરી ગયેલા પિતૃઓનો બીજો જન્મ થયા બાદ પણ આપણા તરફથી તેમની નિમિત્ત તેમના પાછળ કરવામાં આવતાં જમણની વાસના અર્થાત્ ગંધ તેમને બીજા જન્મમાં મળે છે, અને તે વાસનાથી પણ તેઓને તૃપ્ત થાય છે." તેમની આ દલીલ તદન અસત્ય અને કેટલી કઢંગી છે તે અમે હવે બતાવીશું. જેવી રીતે આપણા પિતૃઓને બીજો જન્મ મળે છે તેવીજ રીતે આપણે પણ અહીં બીજો જન્મ મેળવેલો છે. પૂર્વ જન્મમાં આપણે પણ કોઇના પિતૃઓ હોઈશુંજ અને તેથી આપણા પૂર્વ જન્મના વંશજો આપણું મૃતક શ્રાદ્ધ કરતા હોવાથી તેની વાસના અમારા બન્ધુઓના કથનાનુસાર, આપણને પણ આ જન્મમાં અવશ્યમેવ મળવી જોઇએ અને તેથી આપણને પણ તૃપ્તિ માલુમ પડતી હોવી જોઈએ. પરન્તુ આપણે સ્વાનુભવથી જાણી ચુક્યા છીએ કે આપણને તેવી કંઇ પણ વાસના મળતી નથી. તેમજ શ્રાદ્ધના દિવસોમાં ખાધા સિવાય જરા પણ તૃપ્તિ થઈ હોય તેમ જણાતું નથી. કિન્તુ જયારે આપણે બાળક હતા ત્યારે આપણી પવિત્ર માતુશ્રીના સ્તનપાન વડે આપણું પોષણ થતું હતું અને બાળક મટી યોગ્ય ઉમરે પહોંચ્યા પછી અનાજ વિગેરે પદાર્થોનો આહાર કરીએ છીએ અને તે વડેજ આપણું પોષણ થાય છે. આપણને આપણા પૂર્વ જન્મના વંશજો તરફથી આપણા નિમિત્તે કરવામાં આવતાં મૃતકશ્રાદ્ધ

અર્થાત મરણ પાછળનાં જમણથી બાલ્યાવસ્થા અથવા હાલની અવસ્થામાં ક્યારેય પણ તૃપ્તિ થએલી જણાઈ નથી. તેથી પણ અમારા બન્ધુઓને સ્પષ્ટ રીતે જણાશે કે મરણ પાછળનાં જમણ અર્થાત મૃતક શ્રાદ્ધ સર્વદા નિરર્થક હોઇ તેનાથી નાહક પૈસાની પાયમાલી કરી આપણા પોતાનાપર તેમજ આપણા દેશપર વિપત્તી માગી લેવાની છે.

વળી કદાચ અમારા બન્ધુઓ ગીતાજીના પુસ્તકથી પણ પ્રતિકુળ રીતે એમ માની બેસે કે "આપણા મરી ગએલા પિતૃઓનો તુરતજ બીજો જન્મ નહિ થતાં તેઓ અમુક મુદત સુધી પિતૃલોકમાં રહેલા હોય છે, અને તેથી આપણા તરફથી તેમની પાછળ તેમના નિમિતે કરવામાં આવતાં જમણ તેમને ત્યાં મળે છે." પરન્તુ તેમનું આ માનવું પણ સર્વાશે ભૂલ ભરેલું છે. કારણ કે પિતૃલોકમાં રહેતા માની, લીધેલા આપણા પિતૃઓને ત્યાં ભોજન પહોંચાડવાને માટે આપણા તરફથી બ્રાહ્મણોને જમાડવામાં આવે છે. અને જો તે ભોજન આપણા પિતૃઓને ત્યાં બ્રાહ્મણો દ્વારા મળતું હોય તો જે બ્રાહ્મણો ભોજન જમ્યા હોય તે જમ્યા બાદ તુરતજ ક્ષુધાતુર થવા જોઈએ એ નિઃસંશય છે, અને તેથી તેઓ ક્ષુધાથી પીડાવાથી તે પીડા દૂર કરવા માટે તેમણે થોડીજ પળમાં બીજી વખત જમવું આવશ્યક છે. પરન્તુ આપણે સ્વાનુભવ પરથી કહી શકીએ છીએ કે

બ્રાહ્મણો અલ્પ સમયમાંજ તે પ્રમાણે ક્ષુધાતુર થતા નથી. કિન્તુ વૈદિક નિયમ પ્રમાણે જમ્યા બાદ પાંચ કે છ કલાકે તેઓ ક્ષુધાતુર થાય છે અને ઘણા બ્રાહ્મણો તો તે જમણ આરોગ્યા પછી એકાદ દિવસ સુધી તે ભોજનથી તૃપ્ત રહે છે અને તેટલી મુદત સુધી બીજી વખત ભોજન કરતા નથી. આથી પણ નિઃસંશય સાબીત થાય છે કે ઉપરોક્ત માન્યતા ગૃહણ કરી મરણ પાછળનાં જમણો કરી તેના વડે અનેક પ્રકારની પીડા ધારણ કરવી એ મૂર્ખતાની હદ ઓળંગી જવા બરાબર છે. એક કવીએ સત્ય કહ્યું છે કેઃ—

स्वर्गस्थिता यदा तृप्तिं गच्छेयुस्तत्र दानतः ।
प्रासादस्योपरिस्थानामत्रकस्मान्नदीयते ॥ १ ॥
मृतानामपि जन्तूनां श्राद्धं चेतृप्ति कारणम् ।
गतानामिह जन्तूनां वृथा पाथेय कल्पनम् ॥२॥

અર્થઃ–સ્વર્ગમાં બેઠેલા તમારા પિતૃઓ અહીં દાન દેવાથી તૃપ્ત થઈ જાય તો માળ ઉપર બેઠેલા માણુસની તૃપ્તિ કેમ થતી નથી? અને મરેલાની તૃપ્તિ માટે શ્રાદ્ધ હોય તો જેનાં માતુપિતા પરદેશમાં જાય છે તેને ખરચી મોકલવાની તથા રસ્તામાં ખાવા માટે ભાતું બંધાવવું પણ વ્યર્થ છે.

વળી કદાચ અમારા ભોળા બન્ધુઓ એવી દલીલ લાવે કે " આપણે જયારે આપણા પિતૃઓ નિમત્ત મરણ

પાછળ જમણુ અર્થાત્ મૃતક શ્રાદ્ધ કરીએ છીએ ત્યારે તેઓ કોઇ પણ પ્રકારનું લિંગ શરીર ધારણ કરીને આપણે ત્યાં આવે છે અને તેમના માટે તૈયાર કરેલા પદાર્થોમાંથી ઇચ્છાનુસાર પ્રાસન કરી ચાલ્યા જાય છે.” પરન્તુ જેટલે અંશે તેમની ઉપરોક્ત દલીલો અસત્ય છે તેથી પણ વિશેષ અંશે તેમની આ દલીલ પણ અસત્ય છે. કારણ કે નિજ ઇચ્છાનુસાર કોઇ પણ પ્રકારનું શરીર ધારણ કરી મૃતક શ્રાદ્ધનું અન્ન પ્રાસન કરવા તેઓએ અહીં આવવું તે આપણા પિતૃઓના અખત્યારની બાબત નથી. જેવી રીતે તેમણે આ જન્મનું શરીર પોતાની ઇચ્છાનુસાર છોડયું ન હતું તેવીજ રીતે તેઓ પોતાની ઈચ્છાનુસાર અન્ય કોઇ પણ શરીર ધારણ કરી શકતા નથી. તે સર્વ અખત્યાર મહાન પરમાત્મા સિવાય અન્ય કોઇના કબજામાં નથી અને તેનીજ ઇચ્છા વડે આપણે આ જન્મનું શરીર છોડીએ છીએ અને બીજા જન્મનું શરીર ધારણ કરીએ છીએ. અમારા કેટલાક ભોળા બન્ધુઓ જ્યારે તેમના પિતૃઓનું મૃતક શ્રાદ્ધ કરે છે ત્યારે તેમના તરફથી ઘરનાં છાપરાંપર નાખવામાં આવતું અનાજ ભક્ષણ કરવાને કાગડા તથા ગીધાદિ માંસાહારી પક્ષીઓ જો મોટા સમૂહમાં આવે છે તો તેઓ અતિશય આનંદિત થઈ માની લે છે કે તેમના પિતૃઓ તેમના પર અત્યંત ખુશી થઈ અન્ન પ્રાસન કરવાને પધાર્યા છે. અને જો કદાચ તેવાં પક્ષીઓ નથી આવતાં તો તેઓ

બહુજ શોકાતુર થઇ એવું માની બેસે છે કે આજે તેમના પિતૃઓનાં પનોતાં પગલાં થયાં નહિ. ખરેખર અમારા ભોળા બન્ધુઓની બુદ્ધિની બલીહારીજ છે. આવી ભ્રમમૂલક માન્યતાને લીધેજ ક્રિશ્ચિયન તથા મુસલમાનોને અમારા વૈદિક ધર્મ જેવા સર્વોત્કૃષ્ટધર્મની નિન્દા કરવાની તક મળે છે. મરણ પાછળનાં જમણોને લીધે અમારા ધર્મની ઉપરોક્ત નિંદા થવી અને તેપણ પરધર્મીઓના મોંથી કરાવવી એ કેટલું ખરાબ છે તે જો વિચાર કરે તો અમારા સુજ્ઞ વિચારશીલ બન્ધુઓ સારી રીતે સમજી શકે તેમ છે. આર્ય બંધુઓ ! ક્રિશ્ચિયન તથા મુસલમાનો તરફથી થતા આપણા ધર્મ પરના આવા આક્ષેપો દૂર કરવા માટે ઉઠો ! સત્ય વૈદિક ધર્મને ગ્રહણ કરો અને પરધર્મીઓને સત્વર બતાવી આપો કે આપણો વૈદિક ધર્મ સર્વોત્કૃષ્ટ તેમજ સાર્વલૌકીક છે. શ્રીમદ્વિવેકાનંદ સ્વામીએ મદ્રાસમાં આપેલા એક વ્યાખ્યાનમાં આપણા વૈદિક ધર્મની પ્રસંશા કરતાં આ શબ્દો શ્રી મુખમાંથી કહાડયા છે કે “ જો કોઈ પણ ધર્મ સાર્વલૌકીક ધર્મ તરીકે વ્યકત કરવાનો અધિકાર ધરાવતો હોય તો તે માત્ર આપણોઃ ધર્મ–વૈદિક ધર્મજ છે બીજા કોઈ પણ ધર્મનો એ અધિકાર નથી. ” તે બોલોની સત્ય પ્રતીતિ સમસ્ત જગતને કરી આપવા કટ્ટીબદ્ધ થાઓ.

વળી કદાચ અમારા બન્ધુઓએ એવું માનીલીધું હોય કે “મૃતક પિતૃઓની પછવાડે જે જમણ કરવામાં આવે છે તે મરી

ગયેલા પિતૃઓને સ્વર્ગમાં અર્થાત પિતૃલોકમાં મળે છે, અને તેથી તેઓ ત્યાં ખુશી આનંદમાં વખત વ્યતીત કરે છે. ” તેમનું આ માનવું પણ સર્વાંશે ભૂલ ભરેલું છે કારણ કે જો તેમ થતું હોય તો પરમાત્મા તરફથી યોજવામાં આવેલ સઘળો શ્રૃષ્ટિક્રમ નષ્ટભ્રષ્ટ થઈ જાય અને કોઈ મનુષ્યે આ જન્મમાં અનેક દુષ્કૃત્યો કરેલાં હોય પણ તેની પાછળ તેના પુત્રો તથા અન્ય વંશજો બહુ પૈસો ખરચીને મૃતક શ્રાદ્ધાદિ કર્મો કરે તો તેને કરેલાં દુષ્કૃત્યોનો યોગ્ય બદલો નહિ મળતાં મૃતક શ્રાદ્ધાદિને લઇનેજ આનંદમાં કાળક્ષેપન કરે, અને તેનાથી વિરૂદ્ધ એક સદાચારી મનુષ્યે આ જન્મમાં સર્વદા સત્કર્મો કરેલાં હોય પરન્તુ તેની પાછળ કદાચ તેના વંશજો હોય નહિ, અર્થાત જો હોય તો તેની પાછળ મૃતક શ્રાદ્ધ જેવાં નિંદિત તેમજ અકલ્યાણકારી કર્મ કરે નહિ તો તેથી તે મનુષ્ય પિતલોકમાં અતિશય દુઃખી થાય અને તેથી તેણે પૂર્વે કરેલાં સત્કર્મો તદ્દન નિષ્ફળ જાય અને તેનો યત્કિંચિત્ પણ બદલો મળે નહિ. પરંતુ વસ્તુસ્થિતિ તેમ નથી. મહાન પરમાત્મા સર્વદા ન્યાયકારી છે. કોઇ પણ પ્રકારના પક્ષપાતથી રહિત છે. દુષ્કૃત્યો કરનાર આત્માને તેનાં તે કૃત્યોનો યોગ્ય દુષ્ટ બદલો આપવા માટે તેમજ સત્કર્મો કરનારને તેનાં તે કર્મોનો શુભ બદલો આપવાને તે મહાન પિતા સર્વદા તત્પરજ છે. તેમની પાછળ મૃતક શ્રાદ્ધ કે તર્પણની તે

લેશ માત્ર પણ દરકાર કરતો નથી. તેથી પણ મૃતક શ્રાદ્ધ અર્થાત્ મરણ પાછળનાં જમણ પવિત્ર ભુમિ ભારત-વર્ષમાં મહાન અધર્મની વૃદ્ધિ કરવાને કારણ ભુત થઇ પડી અધર્મ પ્રસારી આપણને મહાન ગેર ફાયદો કરે છે એવું સુજ્ઞ વાંચકોને જણાયા સિવાય રહેશે નહિ.

વળી અમારા ભારતીય બન્ધુઓએ અવશ્ય કરીને જાણવું જોઇએ કે જ્યાં સુધી આત્મા આ સ્થુલ શરીરમાં હતો ત્યાં સુધીજ તેને આ જગતના અમુક લોકો સાથે સંબંધ હતો, ત્યાં સુધીજ તે કોઇનો પિતા, પુત્ર, કે માતા હતો પરંતુ જ્યારે તે આત્મા આ જન્મના સ્થુલ શરીરથી ભિન્ન થાય છે કે તુરતજ તેનો આ જગતના લોકો સાથેનો સર્વ સંબંધ છુટી જાય છે. ત્યાર પછી તે આત્માનું કોઈ પણ સગું નથી તેમજ તે આત્મા પણ કોઇનો સંબંધી કે સ્નેહી નથી. તે જાણતો નથી કે જગ-તમાં અમુક મનુષ્યો સાથે હું પિતા, પુત્ર અર્થાત્ અન્ય પ્રકારનો સંબંધ ધરાવતો હતો. અને હજી પણ જગતના મનુષ્યો મારી સાથે તેવો સંબંધ ધરાવે છે. અને દલીલની ખાતર કદાચ આપણે એમ માની લઇએ કે તેના માટે કરવામાં આવતું મૃતક શ્રાદ્ધનું ભોજન કદાચ તેને પહોં-ચતું હોય તો પણ તેને તે સમયે આ જગતના કોઇ મનુ-ષ્ય સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નહિ રહેલો હોવાથી

તે ભોજન તે કદી પણ ગ્રહણ કરતો નથી એ નક્કી છે. બાકી " તમારા પિતૃઓની પાછળ તમે અમુક કર્મ કરેલું નથી તેથી તે પિતૃ લોકમાં અતિ દુઃખ ભોગવે છે, અને તમારી પાસેથી તેઓ અમુક પ્રકારની માગણી કરે છે તેમની તે માગણી અનુસાર બ્રાહ્મણોને આપવા બાદજ તમારા પિતૃઓની સદ્દગતિ થશે " એવા પ્રકારની જે કેટલીક વાતો કહી બ્રાહ્મણો લોકોને ભમાવે છે તે તેમની પાસેથી દ્રવ્ય હરણ કરવાની તેમની ચતુરાઈની વાતો સિવાય અન્ય કશું નથી. વસ્તુતઃ મૃતક શ્રાદ્ધ સત્શાસ્ત્રોથી તદન પ્રતિકુળ હોઈ તેનાથી આપણા મૃતક પિતૃઓને કોઈ પણ પ્રકારની શાંતિ કે સુખ મળતું નથી તેમજ તેની ગેર હાજરીથી તેમને કોઈ પણ પ્રકારનું દુઃખ થતું નથી.

મૃતક શ્રાદ્ધ તથા તર્પણના વિષયમાં નાનકજીનું દ્રષ્ટાન્ત અનુકરણીય હોવાથી આ સ્થળે ટાંકવું ઉચિત ગણાશે. એક સમયે નાનકજી હરદ્વાર ગયા હતા. ત્યાં ગંગા કિનારા ઉપર મનુષ્યો પોતાના મરેલા પિતૃઓનાં તર્પણાદિ કર્મ કરતાં હતાં. નાનકજીએ પુછયું, " ભાઈઓ ! આ શું કરો છો ? " લોકોએ જવાબ આપ્યો–" અમારા સ્વર્ગવાસી પિતૃઓને જલ પહોંચાડીએ છીએ. " નાનકજી બોલ્યા.–"તમારા પિતૃઓ ક્યાં છે ? " લોકોએ કહ્યું " પિતૃ લોકમાં " નાનકજીએ પુછયું," પિતૃ લોક ક્યાં છે ? "

લોકોએ જવાબ આપ્યો. " તેની અમને ખબર નથી. " ત્યાર બાદ નાનકજીએ પોતે ગંગામાં પ્રવેશ કર્યો અને પોતે પણ ખોબેથી પાણી ઉડાડવા લાગ્યા. જ્યાં લોકોનાં કપડાં પડયાં હતાં ત્યાં સુધી પાણી ઉડવાથી લોકોનાં કપડાં ભીંજાવા લાગ્યાં તે પરથી લોકોએ કહ્યું " મહારાજ ! આ શું કરો છો ? અમારાં કપડાં ભીંજે છે. " નાનકજીએ કહ્યું, " અહીંથી બસોએક માઈલપર મારૂં ખેતર છે તે તાપથી સૂકાઇ જાય છે તેથી ત્યાં જળ પહોંચાડું છું. " લોકો આ જવાબ સાંભળી હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ' બસો માઇલપર તમારૂં ખેતર જે દૂર છે તેને અહીંથી પાણી શી રીતે પહોંચી શકશે ? ' નાનકજીએ જવાબમાં જણાવ્યું કે " જે જગ્યાની મને ખબર છે ત્યાં જો હું પાણી નહિ પહોંચાડી શકું તો તમારા પિતૃઓ કે જેઓ ક્યાં છે તેની ચોક્કસ જગ્યા તથા કેટલે દૂર છે તેની ખાત્રી નથી તેમને તમો શ્રાદ્ધ તથા તર્પણ અહીં કરી અન્ન તથા જળ શી રીતે પહોંચાડી શકશો ? તમારા પિતૃઓ માટે અહીં કરવામાં આવતાં શ્રાદ્ધ તથા તર્પણથી તેમને પિતૃલોક જે કેટલો બધો દૂર છે તેનું ચોક્કસ નથી ત્યાં અન્ન તથા જલ પહોંચાડી શકવા યદિ તમે સમર્થ થશો તો મને પણ ખાત્રી છે કે હું મારા ખેતરમાં જળ અવશ્યમેવ પહોંચાડી શકીશ. અને જો આ પાણી મારા ખેતરમાં નહિ પહોંચે તો તમારા પિતૃઓને

પણ શ્રાદ્ધ તથા તર્પણ દ્વારા અન્ન જલ પહોંચી શકશે નહિ એ ખાત્રીથી માનજો ” આ વિષે અમારા ભારતીય બંધુઓ બુદ્ધિ પુર્વક વિચાર કરશે તો તેમને જણાશે કે જેવી રીતે દૂર આવેલા ખેતરમાં ઉપરોક્ત રીતે જળ પહોંચાડવાનો શ્રમ નિરર્થક છે તેવીજ રીતે શ્રાદ્ધ તથા તતર્પણાદિ કર્મો વડે મરી ગએલા પિતૃઓને અન્ન જળ પહોંચાડવું સર્વદા નિરર્થક તથા અસંભવિત છે. તેથી તેવાં કર્મોને તુરતજ તિલાંજલી આપવાની આવશ્યક્તા છે.

મરણ પાછળનું જમણુ અથવા મૃતક શ્રાદ્ધનું ભોજન જમવામાં આપણાં સત્શાસ્ત્રો તો મહાન દોષ તથા અઘોર પાપ ગણે છે અને તેની બહુજ અવગણના કરે છે. સત્શાસ્ત્રોમાં લખેલું છે કેઃ—

आमीषं चर्मवारी, आमीषं प्रेत भोजनं ।
आमीषं शूद्र शेषान्नं, कन्या द्रव्य तथामीषं ॥

અર્થ—ચામડાનું પાણી પીવું, પ્રેતનું ભોજન જમવું, શૂદ્રનું ઉચ્છીષ્ટ ખાવું, તથા કન્યા વિક્રયનું દ્રવ્ય લેવું. ” સઘળું માંસ બરાબર હોઈ તેમાં મહાન પાપ રહેલું છે.

વળી અમારા લોહાણા બન્ધુઓ માટે એવી આખ્યાયિકા છે કે તેમના પૂર્વજોને કનોજ નૃપત્તિ જયચંદ્રે અનેક પ્રકારની લાલચ તથા ધમકી બતાવ્યાં,

છતાં તેમણે તેના તરફથી થતાં પ્રેત ભોજન જમવાને ચોખ્ખી ના કહી. તે માટે તેનો બહુજ તિરસ્કાર કર્યો હતો અને તેના સાથે મહાન યુદ્ધ ઊઠાવ્યું હતું એટલુંજ નહિ, પ્રેત ભોજન નહિ જમવા માટેજ તેમણે પોતાની સર્વ સમૃદ્ધિનો ત્યાગ કર્યો હતો. અને કદાચ બ્રાહ્મણોને ન છુટકે પ્રેત ભોજન જમવું પડતું તો તેઓ પણ તેનાથી પાપ થયેલું ગણી તે પાપ નિવારવાને માટે અમુક સહસ્રાવધિ ગાયત્રી મંત્રનો જપ કરતા. આ સ્થિતિ તો માત્ર થોડી મુદ્દત પહેલાંજ હતી કે જ્યારે ભાગવત્ તથા ગરૂડાદિ પુરાણો પણ અસ્તિત્વમાં હતાં. પરંતુ હાલ થોડી મુદ્દત થયાં અમારા બ્રાહ્મણ તથા ક્ષત્રિય બંધુઓ નિજ પૂર્વજોની પ્રણાલિકા પ્રત્યે તદ્દન બેદરકારી દર્શાવી મરણ પાછળનાં જમણ જમવામાં જે આનંદ માની લે છે તથા તે વડે દેશપર તેમજ નિજ ધર્મપર જે મહાન વિપત્તિ વ્હોરી લે છે તે અમોને અતિશય શોકાતુર કરે છે.

વળી જ્યારે વર્ષમાં ભાદ્રપદ માસમાં અમારા ભોળા હિંદુ ભાઇઓએ નક્કી કરેલા શ્રાદ્ધના દિવસો આવે છે ત્યારે નિજ પિતૃઓને તૃપ્ત કરી તેમની કૃપા મેળવવાને માટે અમારા હિંદુ ભાઇઓ તરફથી દેખીતી રીતે જે ઉંહાપોહ કરી મૂકવામાં આવે છે તે કંઇ વિચિત્ર અને આશ્ચર્યજનક દેખાવ ઉત્પન્ન કરે છે. વર્ષના ગમે તે

મહિનામાં માતાનું પિતાનું કે પુત્રનું મરણ થયું હોય તેને બદલે જે તિથિએ તેનું મરણ થયું હોય તેને માટે ભાદ્રપદ મહિનાની તે તિથિ મુકરર કરી અમારા હિંદુ ભાઈઓ તે દિવસે મરણ પામેલાઓને તૃપ્ત કરવાના વૃથા પ્રયત્નો કરે છે. તે દિવસે કોઇ પણ જાતનું મિષ્ટાન્ન તૈયાર કરી તેમાંનો થોડોક ભાગ લઇ તે તથા પાણી ઘરના છાપરાપર ફેંકે છે. અને ' કાગ વાસ, કાગ વાસ ' એવા શબ્દો મ્હોટા અવાજથી કહી કાગડા તેમજ ગીધાદિ પક્ષીઓ એકઠાં કરે છે. અને તે પક્ષીઓ અનાજ લેવાને માટે લૂંટાલૂંટ કરી મૂકતાં જોઇ શ્રાદ્ધ કરનાર પુલકિત થાય છે. અને તત્પશ્ચાત્ બ્રાહ્મણ કહેવાતા બ્રાહ્મણને જમાડી પછી પોતે તથા કુટુંબ જમે છે. સદ્‌ગુણી બ્રાહ્મણને અન્ય તિથિએ જમાડવામાં અમે વિરૂદ્ધ નથી. પરન્તુ અમારી લોહાણા જ્ઞાતિપર સારસ્વતોએ આવા દિવસોમાં જમવાનો, પોતાને ઘેર અનાજ લઈ જવાનો, તેમજ ધોળે દિવસે લૂંટ ચલાવવાનો જે ઘૃણિત વ્યાપાર શરૂ કર્યો છે તેના માટેજ અમારો મહાન વિરોધ છે. લોહાણાઓએ સારસ્વતોપર દર્શાવેલી કૃપાનો દુરૂપયોગ કરી સારસ્વતો ' ઉલટો ચોર કોટવાળને દંડે ' એ કહેવત અનુસાર લોહાણાઓ પ્રતિ જે વર્ત્તન ચલાવે છે તે નિંદનીય છે. એક સારસ્વતને શ્રાદ્ધના દિવસોમાં આઠ કે દશ ઘરેથી જમવાનું આમંત્રણ આવે છે તેમાંથી પોતાને પસંદ પડે તે ઘરે જમી

અથવા દરેક ઘરે થોડું જમી બાકીનું અથવા વધારાનું અનાજ પોતાને ઘેર ઉપાડી જાય છે. અને યદિ જમાડનાર લોહાણો અનાજ ઉપાડી જવાને અટકાવ કરે તો જમવા આવનાર સારસ્વત તેની સાથે કજીઓ કરે છે. કચ્છ-ભુજમાં શ્રાદ્ધના દિવસોમાં આવા ઘણા દાખલાઓ અમારા જોવામાં આવે છે એટલુંજ નહિ પરન્તુ આવી રીતે તેમજ સાતમના તહેવારપર એકઠું કરેલું અનાજ ભંગીને કે મેઘવાળોને વ્હેંચાતું આપી તેના પૈસા મેળવવાના બનાવો પણ અમે પ્રત્યક્ષ જોયેલા છે. આ પ્રમાણે સારસ્વતોને અનાજ આપી નિજ પિતૃઓને સંતુષ્ઠ કરવાની અમારા લોહાણા ભાઇઓની ધારણાને સારસ્વતો તરફથી તે અનાજ ભંગી તેમજ મેઘવાળોને વ્હેંચી ઊંધી વાળી મૂકવામાં આવે છે. આથી પણ મરણ પાછળનાં જમણો તિલાંજલી આપવા યોગ્ય છે એવું અમારા લોહાણા ભાઇઓને તેમજ હિંદુ ભાઇઓને જણાયા સિવાય રહેશે નહિ.

સ્વલ્પમાં ઉપરોક્ત રીતે શાસ્ત્રીય દ્રષ્ટિથી અવલોકતાં મરણ પાછળનાં જમણ જરા પણ લાભપ્રદ નહિ હોવા છતાં તેનો વડે આપણા વેદિક ધર્મ જેવા સર્વોત્કૃષ્ટ ધર્મને મહાન હાનિ પહોંચે છે તેથી તે સર્વદા અનાદરણીય હોઇ તેનો સત્વર ત્યાગ કરવો અત્યાવશ્યક છે એવું અમારા વિચારશીલ બંધુઓને જ્ઞાત થયા સિવાય રહેશે નહિ.

કુદરતી તથા સામાજીક દ્રષ્ટિથી અવલોકન અને તેના ગેરફાયદા.

પશુઓમાં ગાય વિગેરે પ્રાણીનું બચ્ચું મરણ પામવાથી તે શોકાતુર બની જાય છે. તેઓ અમુક મુદત સુધી દોહવા દેતાં નથી એટલુંજ નહિ પણઘણી ગાયો પોતાનાં બચ્ચાંના મરણ પછી અમુક મુદ્દત સુધી નિજ ચક્ષુમાંથી આંસુ પાડતી પણ જોવામાં આવે છે. પક્ષીઓમાં પણ એક પક્ષીના મરણથી બીજાં પક્ષીઓ અનેક રીતે કલ્પાંત કરી ખરો અફસોસ પ્રદર્શિત કરે છે. વળી કુતરા જેવું પ્રાણી જેને આપણા ઘણા ભાઇઓ અપવિત્ર તથા મલીન જાણી તેને અડકવામાં પણ દોષ માને છે તે પોતાના ધણીના મરણ પછી કેટલીક મુદત સુધી શોકગ્રસ્ત રહે છે અને તે બે ચાર દહાડા પોતાનો ખોરાક પણ લેતું નથી. પશુ તથા પક્ષીઓ જેમાં બુદ્ધિ બહુ ન્યુન અંશે હોવાનું કહેવાય છે તેઓ પણ જ્યારે મરણ માટે કુદરતી રીતે પોતાનો શોક પ્રદર્શિત કરે છે ત્યારે પરમાત્માની બનાવેલી ઉત્તમ કૃતિ જે મનુષ્યો છે તે મરનાર પાછળ દશમે દહાડેજ મહોત્સવ કરવા જેવો અકુદરતી દેખાવ કરે છે એ કાંઇ ઓછું ખેદજનક નથી. મરી ગએલા પાછળ આનંદથી મિષ્ટાન્ન ઉડાવવા આપણે ભારતવાસી તત્પર થઇએ છીએ તે અકુદરતી દેખાવ જોઇ અન્ય સુધરેલી પ્રજાને

આપણી મૂર્ખતા જણાયા સિવાય રહેતી નથી. કોઇ પણ સુધરેલા દેશમાં આવી ઉપહાસ્યક પ્રથા જોવામાં આવતી નથી. તે માત્ર આપણા દેશમાંજ છે. આથી આપણા મનુષ્યત્વને મહાન શરમ પહોંચે છે અને તેથી અન્ય સુધરેલી પ્રજા વિસ્મય સાથે આપણા માટે અતિ હલકો વિચાર કરે એ સ્વાભાવિક છે, આ વિષે સારી રીતે મનન કરવાથી અમારા ભારતીય બંધુઓને જણાયા સિવાય રહેશે નહિ કે મરણ પાછળ તુરતજ મિષ્ટાન્ન ઉડાવવું એ કુદરતના તથા મનુષ્યના પ્રેમાળ સ્વભાવથી તદ્દન પ્રતિકુળ છે.

એક કુટુંબની વ્યક્તિ પછી તે બાળ, યુવાન કે વૃદ્ધ હોય તે મરણ પામવાથી તેના કુટુંબને અતિશય દુઃખ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ઘણા મનુષ્યો 'વૃદ્ધ મરણ વિવાહ સમાન' એવી અનેક પ્રકારની નિંદિત કિંવદંતીઓ કહીને મરી ગએલાના પાછળના કુટુંબને તેની પાછળ મહોત્સવ કરવા ઉશ્કેરે છે, તે કોઇ પણ પ્રકારે ઇચ્છવા યોગ્ય નથી. એક વૃદ્ધ માણસે પોતાની જીંદગી પર્યન્ત પોતાના સઘળા કુટુમ્બ પર અનેક તરેહના ઉપકારો કરેલા હોય છે એટલુંજ નહિ પણ તેના તરફથી યથા શક્તિ જાહેર પ્રજાની પણ સેવા થએલી હોય છે. અને તેવા ઉપકારક વૃદ્ધનાં મરણથી પણ તેના સઘળા કુટુંબ તેમજ જનસમાજને પણ તેના માટે શોક કરવો આવશ્યક

છે. તેથી ઉલટું વૃદ્ધ મરણને વિવાહ સમાન માની આ-
નંદમાં પુલકિત થવું એ મનુષ્યત્વને મહાન વજ્રાઘાત કર-
વા જેવું છે. એક સારી ગાય આંગણે મરી જવાથી ખેદ
થાય છે એ સ્વાભાવિક છે ત્યારે ઉપકારક મનુષ્યના મર-
ણથી અતિ આનંદમાં આવી મિષ્ટાન્ન ઉડાવવા જેવો મહો-
ત્સવ કરવા કટિબદ્ધ થવું એ શું ઓછું લજ્જાસ્પદ છે?
તેમજ એક કુટુંબમાંથી કોઈ યુવાન વ્યક્તિ મરણ પામ-
વાથી તે વખતે તે કુટુંબ પર વિપત્તિનું મહાન વાદળ
ચઢી આવ્યા જેવું થાય છે. યુવાન પુત્ર કે પુત્રી અથવા
પરિપકવ ઉમરનાં પિતા કે માતાના મરણથી પાછળ રહે-
નાર કુટુંબ દુઃખના મહાસાગરમાં ડૂબી જાય છે તેવે સમયે
પણ જનસમાજની નિંદાની બીકને કારણે પ્રેતાન્ન ખાનાર
ભૂદેવો તથા સંબંધીઓને મિષ્ટાન્ન જમાડવા તૈયારી કરવી એ
દુઃખ-જવાળામાં ઘૃતની વિશેષ આહુતિ આપવા સમાન છે.
આવા પ્રકારનું જમણ લોહીના કોળીઆ જમવા બરાબર
છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આથી
પણ અમારા ભારતીય બંધુઓને વિદિત થયા સિવાય
રહેશે નહિ કે મરણ પાછળનાં જમણ કુદરતી દ્રષ્ટિથી
કોઈ પણ પ્રકારે આદરણીય નથી.

જે ભારતવર્ષ એક સમયે પૂર્ણ સ્મૃદ્ધિવાન હોઇને
અનેક પ્રકારનાં સૌખ્યનાં સ્વાદિષ્ટ ફળોનો આસ્વાદ લેતો

હતો, જે દેશની પ્રજાને નિર્ધનતા–ગરીબાઈનું સ્વપ્ન પણ નહોતું અને જેની લક્ષ્મી વડે લોભાઇનેજ મુસલમાનાદિ વિદેશી પ્રજાએ તેના પર આક્રમણ કરેલાં છે, તેજ દેશને આજે નિર્ધનતા રૂપી દુષ્ટ રાક્ષસીએ નિજગ્રાસ કરી લીધો છે. સંખ્યાબંધ મનુષ્યો ક્ષુધાના દુઃખમાં રીબાઇ રીબાઇને છેવટે પોતાનો પ્રાણ ત્યાગ કરે છે. અને મુંબઈ અમદાવાદ વિગેરે જેવાં મ્હોટાં શહેરોમાં સંખ્યાબંધ ભિક્ષુકો સરીયામ રસ્તાપર બેસી નિજ ક્ષુધા દૂર કરવા માટે ત્યાંથી જતા આવતા ગૃહસ્થો પાસેથી એક પાઇ કે પૈસાની ભિક્ષા મેળવવા માટે અનેક તરેહના કાલાવાલા કરતાં આપણી દૃષ્ટિગોચર થાય છે. આ દેખાવ શું ઓછો હૃદય દ્રાવક છે? દેશમાં એટલી બધી હદ સુધી જે ગરીબાઇ વ્યાપી રહેલી છે તેને ક્રમે ક્રમે નિવારવાને માટે ભુખે મરતા લક્ષાવધિ ભારતવાસીઓને વાસ્તે 'શ્રી નડીઆદ હિંદુ અનાથાશ્રમ' જેવી કેટલીક સંસ્થાઓ સ્થાપી તે દ્વારા તેમને સહાય કરી તેમને ધંધા પર લગાડી દેશનો અભ્યુદય કરવાનો પ્રયત્ન કરવો એ આપણા પર મુખ્ય તથા મહાન ફરજ રહેલી છે. પરન્તુ અફસોસ સહિત અમારે જણાવવું પડે છે કે અમારા ભારતીય બંધુઓ તે વિષેનો વિચાર સરખો કરવાને પણ ભાગ્યેજ અવકાશ લેશે, તેવી સંસ્થાઓની વિગત માત્ર પણ જાણવાને ભાગ્યેજ મન પર આણશે. તો પછી તેમાં પૈસાની મદદ તો શાનીજ કરે?

ભારતવર્ષ જેવા તેત્રીસેક કરોડ જેવી બહોળી વસ્તી વાળા દેશમાં આંગળીના ટેરવા પર ગણી શકાય તેટલી આવી પરોપકારી સંસ્થાઓની આર્થિક સ્થિતિ પણ મદદને અભાવે અતિ દયાજનક થઈ પડી છે એ શું ઓછું દુઃખપ્રદ છે? પરન્તુ જ્યારેઅમારા ભારતીય બંધુઓને મરણ પાછળ જમણો કરવાનો પ્રસંગ આવી લાગે છે ત્યારે જાણે તેમણે કોઈ મહાન વિજય મેળવ્યો હોયની! તેવી રીતે આનંદીત મને એક કે બે વખતના ભોજનમાં નકલી ખોટી કીર્તિ માટે હાનિકર્ત્તા અને નિંદિત કાર્ય માટે સેંકડો રૂપીઆનો ધુમાડો કરવાને તેઓ તૈયાર થાય છે. ભારતવર્ષમાં દર વર્ષે મરણ પાછળના જમણમાં પૈસાની કેવડી મોટી રકમનો વૃથા વ્યય થાય છે તેનો હિસાબ કરતાં તેનો સરવાળો લાખો કરોડો રૂપીઆ ઉપરાંત જશે એ નિઃસંદેહ છે. તદુપરાંત તેવા જમણમાં ભાગ લેનાર કેટલાક મનુષ્યો માંદા પડી વધારે પૈસા ગુમાવે છે તથા કેટલાક આળસુ અને નિરૂધમી બની દેશને ભારરૂપ થઈ પડે છે. બ્રાહ્મણોની અનેક પેટા જ્ઞાતિઓ આવા મરણ પાછળના જમણ ઉપરજ નિર્ભર રહી તદન આળસુ તથા નિરૂધમી થઇ ગએલી આપણે જોઇએ છીએ. વળી તેવા જમણમાં અનાજનો પણ બહુજ બગાડો થાય છે. આ સર્વ ગેરફાયદા વિચારશીલ બંધુઓને કમકમાટી ઉપજાવ્યા સિવાય રહેશે નહિ.

પ્રિય બન્ધુઓ! આપણે ઘણા દાખલા જોઈએ છીએ કે જેમાં નિર્ધન કુટુંબમાંની એક વ્યક્તિનું મરણ થવાથી તે કુટુંબનાં પાછળ રહેલાં મનુષ્યો અથવા નિરાધાર વિધવાને જે થોડો પૈસો અથવા જે ઘરનું રાચરચીલું હોય તે વ્યવહારોપયોગી સામાન વ્હેંચીને અને જો તે પણ ન હોય તો કરજ કરીને પણ મરણ પાછળનું જમણ માત્ર જનસમાજની નિંદાથી બચવા માટેજ કરવાની ફરજ પડે છે અને તે જમણુમાં પોતાની અલ્પ સંપત્તિ હોય તેનો પણ નાશ થવાથી અથવા કરજમાં ડૂબી જવાથી મજુરી કરી અથવા પરાયાં દળણાં દળી મહા દુઃખથી કાળ વ્યતીત કરે છે. પ્રાણાત્મ સ્વરૂપ બંધુઓ! મરણ પાછળના મહોત્સવ જેવા અકુદરતી દુઃખ પર ડામ આપનારા જમણુમાં એક ગરીબ બંધુ અથવા નિરાધાર વિધવાને પોતાના ગુજરાનના ટુંક સાધનનો પણ ભોગ આપવો પડતો હોય તેવા જમણુમાં ભાગ લેવામાં અથવા તે કરવાને તેમને ખોટી રીતે ઉશ્કેરવામાં મનુષ્યત્વ ક્યાં છે? વ્હાલા બંધુઓ! આવાં મરણ પાછળનાં જમણ કરનારમાં સોએ નેવું કે તેથી પણ વિશેષ ગરીબ અને સાધારણ સ્થિતિનાં કુટુંબો હોય છે અને તે જમણ વડે તેમને ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ પણ પ્રકારનું દુઃખ તો વ્હોરી લેવું પડે છે. માટે તેવાં જમણથી સદાને માટે અળગા રહેવાને માટે તમારા મનોબળનો પુરો ઉપયોગ કરી તેને દૂરથી નવ ગજના

નમસ્કાર કરજો. તમને જો કદાચ મિષ્ટાન્ન જમવાની ઇચ્છા થાય તો તે ઘેર કરાવી જમજો, પરંતુ ગરીબ બંધુઓ તથા નિરાધાર વિધવા બ્હેનો તરફથી તેવાં જમણ કરાવી તે જમવાની લાલસા રાખશો નહિ. પણ તેમને તેવાં જમણ નહિ કરવાને માટેજ સર્વદા બોધ આપશો એવી મારી આપ પ્રત્યે ખાસ વિજ્ઞપ્તિ છે.

મરણ પાછળના જમણ જેવાં શાસ્ત્ર વિરૂદ્ધ તથા અકુદરતી જમણના એકાદ વખતના ભોજનમાં દર વર્ષે દેશના લાખો રૂપીઆનો ધુમાડો થાય છે. તેનાથી કદાચ કીર્તિ મળે છે તો તે માત્ર નકલી તથા અલ્પ સમય સુધીજ રહેનારી હોય છે. ઘણાખરા દાખલામાં તો તેનાથી અપકીર્ત્તિ વ્હોરી લેવાનો પ્રસંગ આવે છે. ‘અમુક રસોઇ ખરાબ હતી’ એવા એવા ખોટા દોષો કહાડી જમણ કરનારની લોકો અતિશય નિંદા કરવા ચુકતા નથી. તેનાથી કજીઆ તથા કુસંપને પણ જન્મ મળે છે. તેવાં જમણ બ્રાહ્મણોને આળસુ તથા નિરૂદ્યમી બનાવવામાં ઉત્તેજન રૂપ થઇ પડે છે. એટલુંજ નહિ પણ આપણા વૈદિક ધર્મ જેવા સર્વોત્કૃષ્ટ ધર્મની તેથી અતિશય નિંદા તથા અવગણના થાય છે. અને મરણ પાછળનાં જમણથી સ્વર્ગમાં સુખ મળશે એવું આપણા ઘણા ભારતીય બન્ધુઓ માની બેસે છે તેઓ આ જન્મમાં અધર્મયુક્ત કર્મો કરવાને ઉદ્યત થઇ દેશમાં અજ્ઞાનતા પ્રસરાવી મૂકે છે. વળી આવાં જમણથી

અંદરખાનેથી ચુસાઇ ગએલા બંધુઓને ગુરૂકુળ, દેશોપકારક ફંડ, જ્ઞાતિની ઓર્ફનેજ તથા બોર્ડિંગ જેવા જનહિતના ખરા અને પારમાર્થિક કાર્યોમાં મદદ કરવાનું કહેતાં તેઓ પોતાની આર્થિક સ્થિતિ બહુજ નબળી હોવાનું જણાવે છે, અને તેવી સંસ્થાઓમાં તેઓ પૈસાની લેશ માત્ર પણ મદદ કરતા નથી. આથી આવાં જમણુ એક રીતે ઉપરોક્ત ગુરૂકુળ, દેશોપકારક ફંડ, ઓર્ફનેજ તથા બોર્ડિંગ જેવાં ખરાં પારમાર્થિક કાર્યોને પણ મહાન વિઘ્નકર્ત્તા થઇ પડે છે.

ભારતીય બંધુઓ ! જે કાર્યોમાં સમસ્ત ભારતવર્ષનું કલ્યાણ રહેલું છે, જે કાર્યોથી સંખ્યાબંધ મનુષ્યોને સઘળી જીંદગી સુધી મિષ્ટાન્ન મળી શકે તેમ છે, તથા જે કાર્યોથી ભારતવર્ષની ઉન્નતિની આશા રાખી શકાય તેમ છે તેવાં ગુરૂકુળ, દેશોપકારક ફંડ ઓર્ફનેજ, બોર્ડિંગ તથા અન્ય નિરાશ્રિત ફંડ જેવી સંસ્થાઓ રૂપી ખરાં પારમાર્થિક કાર્યોને મહાન ફટકો મારી આપણને અનેક રીતે નુકસાની તથા અવનતિના આગારમાં ધકેલી દેનાર મરણ પાછળનાં જમણુ છે એ આપ ખાત્રીથી માનજો. વાસ્તે પ્રાણાત્મ સ્વરૂપ બંધુઓ ! જ્યારે તમને મરણ પાછળનાં જમણુ કરવાનો સમય આવી લાગે ત્યારે તમારૂં મનોબળ સુદ્રઢ રાખી તેવાં જમણુ નહિ કરતાં ગુરૂકુળ, તમારી જ્ઞાતિની ઓર્ફનેજો તથા બોર્ડિંગ તેમજ અન્ય જનહિતકારી

સંસ્થાઓને યથાશક્તિ મદદ આપવા તત્પર થજો. તથા તમારા સહવાસમાં આવતા બંધુઓને તેમ કરવા પ્રેરિત કરજો. તેમાંજ ખરૂં મનુષ્યત્વ રહેલું છે, તેથીજ તમારી મનુષ્ય તરીકેની ફરજ તમોએ અદા કરેલી ગણાશે, ત્યારે જ મહાન પરમાત્માએ તમોને આપેલા મનુષ્ય જન્મનું તમોએ સાર્થક કરેલું કહેવાશે. અને તેથીજ આપણા મરી ગયેલા પિતૃઓ માટે સત્ય કીર્તિ સંપાદન કરીશું, તેમજ તે વડેજ આપણા મરી ગએલા પિતૃઓના આત્માને શાંતિ પ્રાપ્ત કરાવી શકશું, અન્યથા નહિજ. તેમ કરતાં કદાચ પહેલાં ભારતીય જનસમાજ અજ્ઞાનતાને લઇને તમારી નિંદા કરે તો તે પ્રત્યે તમો દુર્લક્ષ કરજો. થોડો વખત જતાં તમારા તે ઉત્તમ કાર્યના ફાયદા જનસમાજને જાણવામાં આવતાં તેજ તમારી સ્તુતિ કરશે અને તેના ધ્વનિ તમારા કર્ણપટ પર અથડાઈ તમને અતિશય આનંદિત કરશે એ નિઃસંશય છે.

દ્વિતીય લોહાણા કોન્ફરન્સમાં આ વિષયપર થએલી ચર્ચા.

જણાવતાં અતિશય આનંદ થાય છે કે રાજકોટ ખાતે મળેલી દ્વિત્તિય લોહાણા કોન્ફરન્સમાં આ વિષયપર રીસેપશન કમીટીના પ્રમુખ શ્રીયુત માન્યવર ગોવર્દ્ધનદાસ લાધાભાઈ તથા કોન્ફરન્સના પ્રમુખ શ્રીયુત માન્યવર ખીમજીભાઇ દયાળ જેવા કોન્ફરન્સના અગ્રગણીય પુરૂષોએ

મરણુ પાછળનાં જમણુ પ્રત્યે પોતાનો અતિશય તિરસ્કાર દર્શાવી તેનાથી આપણુને બહુ નુકસાન થાય છે એવું પ્રદર્શિત કરી તેમને તુરતમાં તિલાંજલી આપવા સમસ્ત લોહાણા જ્ઞાતિને સુચના કરી છે. અમારા ભારતીય બન્ધુઓને જાણ થવા માટે તેમના શબ્દો અમો આ સ્થળે ટાંકીએ છીએ.

મ૦ ગોવર્ધનદાસ લાધાભાઇના શબ્દો.

" અને મરણાદિક જેવા અશુભ પ્રસંગે પણ વગર વિચાર્યું ખર્ચ કરવાને આપણા ભાઇઓ પાછી પાની કરતા નથી. આનો અટકાવ કરવાની સુચના કેટલેક સ્થળે અનિચ્છિત તથા નિંદિત ગણાય છે. જો આવાં ખર્ચોના લાભલાભ વિષે વિચાર કરીએ તો લાભ કરતાં અલાભનું ત્રાજવું નમી શકે તેમ છે. પણ માની લીધેલી : મોટાઇ કે માની લીધેલા આનંદ સિવાય તેના લાભ વિષે ઝાઝું કહી શકાય તેવું નથી. વખતે એવાં મોટાં મોટાં ખર્ચ કરવાથી દીકરા દીકરીને વરાવવાનાં સારાં સ્થાન મળવાનું કારણ પ્રાપ્ત થતું હોય ગમે તેમ હોય તો પણ આ બાબત એવી છે કે જો તેને અંકુશિત કરવામાં ન આવે તો તે બંધ પડવી મુશ્કેલ છે. "

મ. ખીમજીભાઈ દયાળના શબ્દો.

" મારૂં તો એટલી હદ સુધી માનવું છે કે, મરણ પાછળનાં જમણવારનો રિવાજ પણ કોઈ બીજાજ હેતુથી

શરૂ થયો હતો. અને પાછળથી તેણે કંઇ બીજુંજ રૂપ પકડ્યું છે. વાસ્તવમાં તો મૃતક શ્રાદ્ધનું અન્ન ખાવું, તેનો શાસ્ત્રોએ નિષેધ કર્યો છે—મરણ પામેલા સંબંધીના પુણ્ય નિમિત્તે ગરીબ અને સાધારણ સ્થિતિના જ્ઞાતિ બંધુઓને અન્ન વડે તૃપ્ત કરવા, એ નિમિત્તે જ્ઞાતિ બંધુઓની સેવાનો યોગ ઉભો થઇ શકે, એ તેનો મૂળ હેતુ હતો. માત્ર દેખા દેખીથી કરજ કરીને વરા કરવા એવું કંઇ આપણા ડાહ્યા પૂર્વજોનું ફરમાન નહોતું. વળી આપણામાં કેટલેક ઠેકાણે અનાજનો જે બગાડો થાય છે અને એક વખત જમવા માટે દેખા દેખીથી જે હજારોનું ખર્ચ કરવામાં આવે છે અને તે પણ ધર્મ અને શાસ્ત્રોથી વિરૂદ્ધ છે. એવી ગંજાવર રકમનો પ્રવાહ આપણી જ્ઞાતિના ગરીબ કે લાચાર સ્થિતિના બાળકોને કેળવણી આપવાના, તેમજ જ્ઞાતિના લાચાર દુઃખી અને અસહાય કુટુંબોના પોષણ જેવાં પુણ્ય કાર્યો તરફ વહેતો થાય તો તેથી જ્ઞાતિનું કેટલું બધું કલ્યાણ થાય ? અને મરણ પામનારનો આત્મા કેવી ઉચ્ચ સદ્દગતિને પામે, તેનો વિચાર પણ હું આપની ન્યાય બુદ્ધિનેજ સોંપું છું. ”

ઉપસંહાર.

ઉપરોક્ત સર્વ વિવેચનથી અમારા વિચારશીલ ભારતીય બંધુઓને સાક્ષાત્કાર થશે કે મરણ પાછળનાં જમણ કોઈ પણ સત્શાસ્ત્ર યુક્ત નથી. પરંતુ શાસ્ત્રો તો તેની

અવગણના કરે છે. વળી તેના વડે જે અલ્પાંશે લાભ થાય છે તેના કરતાં હજારો ગણો વધારે ગેરલાભ થાય છે. લોહાણા જ્ઞાતિના અગ્રણીય, વિદ્વાન, વયોવૃદ્ધ અને વિચારશીલ શ્રીયુત માન્યવર મહાશય ગોવર્ધનદાસ લાધાભાઇ તથા ખીમજીભાઈ દયાળે આવાં જમણો પ્રત્યે તિરસ્કાર દર્શાવી તેવાં શાસ્ત્ર વિરૂદ્ધનાં ખોટાં અને દેખા દેખીનાં ખર્ચ નહિ કરતાં તેને તિલાંજલી આપી તેને બદલે ગરીબ કે લાચાર સ્થિતિનાં બાળકોને કેળવણી આપવા માટે ઓર્ફનેજ તથા બોર્ડિંગ અને દુઃખી તેમજ નિરાધાર કુટુંબોને સહાય કરવા માટે નિરાશ્રિત ફંડોની સ્થાપના કરવાની તથા તેવી સંસ્થાઓમાં યથા શક્તિ મદદ આપવાની સુચના કરી છે. મ. ખીમજીભાઇના શબ્દોથી કદાચ આપણે એવું અનુમાન કરી શકીએ કે તેવાં જમણોનો મુળ હેતુ ગરીબ અને સાધારણ સ્થિતિના જ્ઞાતિ બંધુઓને અન્ન વડે તૃપ્ત કરવા એ નિમિત્તે જ્ઞાતિ બંધુઓની સેવાનો યોગ ઊભો થઈ શકે એવો કદાચ હોય, પરંતુ હાલે તો તે મૂળ હેતુ તદ્દન લુપ્ત થઈ ગયો છે અને તેને બદલે અમોએ ઉપર જણાવ્યા પ્રમાણે તેનાથી અનેક ગેર ફાયદા ઉપસ્થિત થયા છે. અમારી આ વાતને માન્યવર મહાશય ગોવર્ધનદાસ લાધાભાઈ તથા ખીમજીભાઈ દયાળ પણ અનુમોદન આપે છે. તેથી હાલની પરિસ્થિતિ જોતાં તેવાં મરણ પાછળનાં જમણોનો સર્વદા ત્યાગ કરવો આવશ્યક છે.

અંતમાં અમો આશા રાખીએ છીએ કે અમારા ભારતીય બંધુઓ ઉપરોક્ત સર્વ વિવેચનપર પુરતું લક્ષ આપી મરણ પાછળનાં જમણ નહિ કરવા તથા અન્ય તરફથી થતાં તેવાં જમણમાં ભાગ પણ નહિ લેવા માટે સુદૃઢ મનોબળ દર્શાવી અમર કીર્તિ સંપાદન કરી તેથી ભારત વર્ષનો અભ્યુદય કરવામાં પોતાનો અમુક ફાળો આપવા સત્વર ઉદ્યત થશે. મહાન પરમાત્મા તેમને સત્વર તેવી પ્રેરણા કરો એવી અંતિમ અભ્યર્થના સાથે અમે વિરમીયે છીએ. ઓરૂમ. શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ.

આ નિબંધપર પૂછાયેલા શંકા પ્રશ્નો.

ચર્ચાપત્ર.

મે. લોહાણા સમાચારના અધિપતિ સાહેબ,

વિનંતી સાથે લખવાનું કે, સ્વજ્ઞાતિ હિતાર્થે પ્રગટ થતાં 'સમાચાર' ના અંક ૩૮, તા. ૨૨ મી માહે મે, ઇ. સન ૧૯૧૩, તથા અંક ૩૯ તા. ૨૯ મી માહે મે, ઇસ્વી સન ૧૯૧૩ માં "મરણ પાછળનાં જમણોથી થતા

ગેરફાયદા" નો ઈનામી નિબંધ મી. નથુભાઇ નેણુશી કોઠારીની સુચના મુજબ રા. રા. વાઘજી વિ. જુઠા વિશ્રામ ઠક્કુરનો લખેલો ધ્યાનપુર્વક વાંચતાં મને થયેલી શંકાનો ખુલાસો આપના 'સમાચાર' પત્ર દ્વારા મજકુર ભાઇ અ-ગર બીજા ભાઈ મારફત મળશે તો પૂર્ણ આભારી થઇશ. કારણ કે જેવી રીતે મને શંકા થઈ છે તેવીજ રીતે (બીજા) કોઈ ભાઇઓને પણ થઈ હશે, તો બધાના મનનું સમા-ધાન થાય તેવી સાદી ભાષામાં ખુલાસો મળશે તો લાભ-કારક થાશે એવી મારી માન્યતા છે. હું વિદ્વાન નથી, લેખક નથી, તેમ મજકુર નિબંધનું ખંડન કરવું એવી મારી માન્યતા નથી. કદાપિ મારી સમજણમાં ફેર હોય તો પણ મને યોગ્ય સુચના અપાવશો. તેમજ મરણ પા-છળ જમણ કરવું તે વ્યાજબી પણ નથીજ તે મતમાં હું મળતો છું. પણ લેખમાં થોડો ભાગ મારી સમજ પ્રમાણે નાસ્તિક બુદ્ધિ થાય એવો લખાયો છે એમ મારૂં અને બીજા થોડી સમજણવાળા કેટલાક ભાઇઓનું માનવું છે, ને તે નીચેની એકજ બાબત છે. મને આખા લેખની બાબતમાં કાંઇ બોલવાનું નથી, પણ પિત વિગેરે નથી તે નાનકના દાખલા ઉપરથી આપ્યું છે તો તેને માટે નીચે-ની બીનાના ખુલાસા થવા જોઇએઃ—

૧. ગીતા અ. ૧ શ્લો. ૪૧ અર્જુને શ્રી કૃષ્ણ પર-માત્માને કહેલ છે કે, પોતાના પિંડદાનની ક્રિયાઓ તથા જલાંજલિની ક્રિયાઓ નાશ થવાથી પિતૃઓ નર્કમાં પડે છે.

૨. ગીતા અ. ૨ શ્લો. ૨૨. જે ટાંકી બતાવ્યો છે તેના અર્થમાં મારા સમજવા પ્રમાણે ફેર થયો છે. આ શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુનને જીર્ણ શરીરના મરણનો શોક કરવો એ અઘટીત છે એમ સમજાવ્યું છે પણ શ્રાદ્ધ માટે મના કરી નથી.

૩. ગીતા અ. ૧૧ શ્લો. ૨૨ માં અર્જુને વિશ્વરૂપમાં દર્શન કરતાં કહ્યું છે કે ઉષ્મ એટલે ધુમ, તેનું પાન કરનારા પિતૃઓ, ગંધર્વો, યક્ષો, અસુરો, સિદ્ધો એ સર્વે વિસ્મય પામેલા એવા તમને જોઇ રહ્યા છે. ભાવાર્થમાં કહ્યું છે કે उष्मपा શબ્દ પિતૃવાચક છે. શ્રુતિ પણ કહે છે કે, उष्मपा हि पितरः પિતૃઓ ઉષ્ણ અન્નના ભાગી છે. વળી સ્મૃત્તિ પણ કહે છે કેઃ—

यावदुष्णा भवेदन्नं यावदश्नाति वाग्यताः ।
पितर स्तावदश्नन्ति यावन्नोक्ता हविर्गुणाः ॥

અર્થ—અન્ન જયાં સુધી ઉષ્ણ હોય છે અને બ્રાહ્મણો જયાં સુધી વાણીને નિયમમાં રાખીને ભોજન કરે છે તથા જયાં સુધી હવિષના ગુણો કહેવામાં આવતા નથી, ત્યાં સુધી પિતૃઓ ભોજન કરે છે, માટે પિતૃઓ ઉષ્ણાન્ન જમનારા કહેવાય છે.

૪. ગીરધરકૃત રામાયણમાં બાલકાંડમાં કૌશિક મુનિએ શ્રી રામચંદ્રજીને ગંગા મહાત્મ્યમાં સગર રાજાના એક હજાર પુત્રો અસદ્દગતિ ગયેલા તેનું ભગીરથે તપ કરી પોતાના વડાઓને પૃથ્વી ઉપર ગંગા નદી પધરાવી તેમના જળથી કપિલ મુનિના કહેવા મુજબ સદ્દગતિએ પહોંચાડયા.

૫, **ગીરધરકૃત** રામાયણ, **અયોધ્યા** કાંડ, શ્રી **રામ**-ચંદ્રજીએ પ્રયાગ તીર્થમાં સ્નાન કરી તેમના પિતાનું **શ્રાદ્ધ** તથા ઉત્તરક્રિયા કરી. એ પ્રમાણે છે.

૬. વળી શ્રી કૃષ્ણ **પરમાત્માના પરમભક્ત નરસિંહ** મહેતા પોતાના બાપની શ્રાદ્ધ તિથિને દિવસે સામગ્રી લેવા જતાં ભજનમાં ચડી ગયા જેથી શ્રી કૃષ્ણ પરમાત્માએ તેનું સ્વરૂપ લઈ સામગ્રી **પહોંચાડી** તેના બાપનું શ્રાદ્ધ કર્યું.

ઉપરની બાબતો શું બતાવે છે? મારા ધારવા પ્રમાણે મરણ પાછળ જમણો એ વિષય પડતો મૂકી બીજા વિષયને લીધો છે જેથીજ શંકા કરવી પડી છે. આપણે રઘુકુળમાંથી ઉત્પન્ન થયા છીએ એ વિષય ઘણે ઠેકાણે વાંચ્યો છે. તો શ્રી **રામચંદ્રજીએ** તેમના પિતાશ્રી **દશરથ** રાજાના સ્મરણ બાદ શ્રાદ્ધ તથા ઉત્તરક્રિયા કર્યાં છે; ને મજકુર ભાઇ **શ્રાદ્ધનો** સત્ય અર્થ જીવતાં **માતા પિતા** તથા સદાચારી **આચાર્યોની** તન મન અને ધન વડે ઉત્તમ રીતે સેવા કરવાનું **નિઘંટુ** અ. ૩, ખંડ **૧૦**, ના શ્લોક ટાંકી સપ્રમાણ બતાવે છે તો ખરૂં શું સમજવું? તે મહેરબાની કરી ખુલાસો કરાવશો. આ વિષયમાં મારી કાંઇ ભૂલ હોય તો દરગુજર કરી સુધરાવશો, કારણ હું એક વેપારી વર્ગનો માણસ છું જેથી ઉત્તમ લેખો લખવાનું જ્ઞાન મારામાં નથી.

મગદીસા (એડન કેમ્પ) **અરેબીયા**, તા. ૨૨-૭-૧૩. } **પુરૂષોતમ કાલીદાસ ચોલેરા** રાણપુર નિવાસી.

શંકા સમાધાન.

આધુનિક સમયે આપણા ઘણા હિંદુ ભાઈઓ પોતાના મરણ પામેલા બાપ દાદા વિગેરેને પિતૃઓની સંજ્ઞા આપી તેમની પાછળ શ્રાદ્ધાદિ કર્મ કરવાને તત્પર થાય છે. અને તેથીજ હાથ ધરેલો વિષય વિશેષ સ્પષ્ટ થવાના હેતુથી મરણ પામેલા બાપ દાદા વિગેરે માટે મેં આપણા ભાઈઓની માન્યતામાં રૂઢ થએલો પિતૃ શબ્દ વાપરેલો છે. તેવા પિતૃઓ નથી એવી મારી માન્યતા છે. શાસ્ત્રોક્ત રીતે પિતૃ કોને કહેવા તે નીચે લખેલા પ્રમાણોથી જણાશેઃ—

एते मनूंस्तु समान्यान सृजन्भूरि तेजसः।
देवान्देव निकायांश्च महर्षिश्चा मितौजसः॥
यक्षरक्षः पिशाचांश्च गन्धर्वाप्सरसोऽसुरान्।
नागान्सर्पान्सुपर्णांश्चापितृणां च पृथग्गणान्॥

मनु. १७-३६-३७.

અર્થ:—એ મરીચિ વિગેરે દશ પ્રજાપતિઓએ મહા તેજસ્વી એવા બીજા સાત મનુઓને, દેવોને, દેવોનાં સ્થાનકોને, મહર્ષિઓને, યક્ષો, રાક્ષસો, પિશાચો, ગન્ધર્વો, અપ્સરાઓ, અસુરો, નાગો, સર્પો, ગરૂડો અને પિતૃઓના જુદા જુદા ગણોને ઉત્પન્ન કર્યા.

જો મરેલાજ પિતૃ હોત તો તેમને ‘ ઉત્પન્ન કર્યા ’ એમ શા માટે લખત ?

વળી આગળ ચાલતાં (અધ્યાય ૩, શ્લોક ૧૯૪ —૧૯૬) લખ્યું છે કે, “ બ્રહ્માના પુત્ર મનુના મરીચિ, મિશ્ર વિગેરે જે પુત્રો છે તે સર્વે રૂષિઓના પિતૃગણ છે એમ જાણવું. વિરાટના પુત્ર સોમસદોને સાધ્યના પિતૃઓ જાણવા. અને લોકોમાં પ્રખ્યાત એવા મરીચિના પુત્ર અગ્નિશ્વાતાઓને દેવોના પિતૃઓ જાણવા. અપિ ઋષિના બર્હિષદ નામના પુત્રોને દૈત્ય દાનવ, યક્ષ, ગન્ધર્વ, ઉરગ, રાક્ષસ, ગરૂડ અને કિન્નરોના પિતૃઓ જાણવા. આ પછીના શ્લોકો પણ એજ વાતને પુષ્ટિ આપે છે. પરંતુ તે લંબાણ ભયથી અમે લખ્યા નથી. મુળ સંસ્કૃત નહિ આપવાનું પણ એજ કારણ છે.)

આ સંબંધમાં વિષ્ણું પુરાણ નીચે પ્રમાણે કહે છેઃ—

सत्त्व मात्रात्मि कामेव तोऽन्यांज गृहेतनुम् ।
पितृवन्मन्य मानस्य रस्तस्य जज्ञिरे ॥

१–५–३३.

અર્થઃ—પુનઃ બ્રહ્માજીએ સાત્વિકી તનુ ધારણ કરી, મનન કરતાં તેમાંથી પિતૃગણ ઉત્પન્ન કર્યા.

पितरो ब्रृह्मणा सृष्ठा व्याख्याता ये मयातव ।
आग्निष्वात्ता बर्हिषदोऽनग्नयः साग्नयश्चये ॥

१–१०–१८.

અર્થ:—હું પ્રથમ કહી ચુકયો છું કે બ્રહ્માજીએ પિતૃઓને ઉત્પન્ન કર્યા. જે અગ્નિષ્વાત્ત, બર્હિષદ, અગ્નિ, સાગ્નિ વિગેરે છે.

હવે એ સંબંધમાં વેદ શું કહે છે તે જોઇએ.

पञ्चजना मम होत्रं जुषध्वम् । ऋ. १०-५३-४.

अञ्जन्ति सुपगसं पञ्चजनाः । ९, ११-४

जना यदग्निमय जन्त पञ्च । १०, ४९-६

આ અને બીજી અનેક ઋચાઓમાં મનુષ્યોનાં નામોમાં એક નામ 'પન્ચજન' આવ્યું છે પન્ચજન અર્થાત્ પાંચ પ્રકારના મનુષ્ય. નિરૂક્ત, અમર કોષાદિમાં પણ એ નામ આવ્યું છે. એ પાંચ પ્રકારના મનુષ્ય કોણ ? યાસ્કરાચાર્ય નિરૂક્તમાં કહે છે કે,—

गन्धर्वाः पितरोदेवा असुरा रक्षांसि इत्ये केचत्वारो ।
वर्णा निषादः पञ्चम इत्यौपमत्यवः । ३ । ८ ॥

"ગન્ધર્વ, પિતર, દેવ, અસુર અને રાક્ષસ એ પાંચ પ્રકારના મનુષ્ય છે. ઔપમન્યવ કહે છે કે "ચાર વર્ણ તથા પાંચમો નિષાદ એ પાંચ ભેદ છે." આ કારણથી મનુષ્યનું નામ 'પંન્ચ માનવ' 'પંચજન' છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'પિતૃ' પણ મનુષ્યોનો એક ભેદ છે.

પિતૃઓ કોણ કોણ કહેવાય ? એ સંબંધમાં વિશેષ જાણુવા માટે જુઓ ઋગ્વેદના નીચે લખેલા મંત્રોઃ—

द्विया सूनवो । ऽसुरं नावान क्षोदः । यडदाजन पितरो ।
ये यज्ञेन दक्षिणाया । ये ऋतेन सूर्य्ये । अयंनामा ।
विरुपास इद्दषस्ते ॥

ઈત્યાદિ.

આ ઉપરથી મિ. ચોલેરા જોઇ શકશે કે પિતૃ શબ્દનો સત્ય શાસ્ત્રોક્ત અર્થ મારા ઉપર જણાવ્યા મુજબનો છે. આપણા ઘણા હિંદુ ભાઈઓ મરી ગએલા બાપ દાદા વિગેરેને પિતૃઓની સંજ્ઞા આપી તેમની પાછળ શ્રાદ્ધાદિ કર્મ નહિ કરવાથી તેઓ તેમણે માની લીધેલા નર્કમાં પડે છે એવી તેમની દ્દઢ માન્યતા થઈ ગએલી હોવાથી તેમને એ વાત પ્રથમ સમજાવવાની આવશ્યક્તા જણાયાથી મેં મારા નિબંધમાં રૂઢ થએલો પિત શબ્દ વાપરેલો છે. એવા પિતૃઓની હસ્તી નથી એવી હજુ પણ મારી માન્યતા છે અને તે આગળ સાબિત કરીશ. તેમાં નાસ્તિક બુદ્ધિ થવાનો લેશ પણ અવકાશ નથી. તેમજ નિબંધમાં મેં વિષયાન્તર પણ કર્યું નથી.

હવે હું મિ. ચોલેરાની શંકાઓનો ઉત્તર નીચે લખું છું:—

संकरो नरकायैव कुलघ्नानां, कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्त पिण्डोदक क्रियाः ॥

આ શ્રીમદ્ (ભગવદ્ ગીતા) ના પ્રથમા ધ્યાયનો ૪૧ શ્લોક મૃતક શ્રાદ્ધ સિદ્ધ કરે છે એમ મિ. ચોલેરાનું માનવું હોય એમ જણાય છે. પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. વર્ણસંકરોની ઉત્પત્તિથી અર્થાત્ વ્યભિચારથી ઉત્પન્ન થએલ સંતતિથી પોતાના વૃદ્ધ પુરૂષોનું સન્માન નહિ થાય એટલા માટેજ लुप्त पिण्डोदक क्रियाः એ વિશેષણ પિતૃ-ઓને લગાડવામાં આવ્યું છે. તેનો અર્થ એવો છે કે "દૂર થઈ ગઇ છે ખાનપાનાદિની ક્રિયા જેની એવા" એના આધાર માટે (પિણ્ડના અર્થ માટે) મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયનો ૨૧૯ મો શ્લોક જુઓ. વળી ગીતાના ઉપલા શ્લોકના આગળના શ્લોકમાં કહ્યું છે કે વર્ણસંકર કરવા-વાળા દોષોથીજ જાતિ નષ્ટ થાય છે. મૃત શ્રાદ્ધ નહિ કર-વાથી જાતિ નષ્ટ થતી નથી યદિ પુત્રને મૃતક શ્રાદ્ધનો અધિકાર નહિ રહેવાથી જાતિ નષ્ટ થઇ જતી હોય તો શુકદેવજી, સ્વામી શંકરાચાર્ય થઈ ગયા તેમના પિતૃઓનો નર્કવાસ થવો જોઇએ. યદિ મૃતક શ્રાદ્ધ નહિ કરવાથીજ મૃત પિતૃ નર્કમાં પડતા હોય તો ધર્મ યુદ્ધાદિનું ફળ અલ્પ થઈ જશે અને धर्माद्धि युद्धाच्छ्रेयोऽन्यत क्षत्रियस्य न विद्यते । गी. २–३१ । ઇત્યાદિ શ્લોક નિષ્ફળ થઇ જશે. આ ઉપરથી સાર એ નીકળે છે કે અહીં વર્ણસંકર મા-ટેજ ગ્રંથ કર્ત્તાનું તાત્પર્ય છે. યદિ જે ક્રિયા આધુનિક

ગ્રંથકારોએ મૃત પિતૃઓ નિમિત માની છે તેનું તાત્પર્ય पिण्डोदक क्रियाः થી છે એવો અર્થ કરવામાં આવે તો તેનો ઉત્તર એ છે કે મૃતક શ્રાદ્ધવાદીઓના મતમાં ક્ષેત્રજ પુત્રને પણ પિંડદાનનો અધિકાર છે, તો પિતૃઓ નર્કમાં શા માટે પડે ? કદાચ એમ કહેવામાં આવે કે ક્ષેત્રજને તો અધિકાર છે પણ વર્ણસંકર ક્ષેત્રજને નહિ. તો તેનો ઉત્તર એ છે કે જયાં વ્યાસાદિ ઋષિઓના નિયોગથી પાંડુઆદિની ઉત્પત્તિ માનેલ છે ત્યાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોનું ક્ષેત્ર મળવાથી વર્ણસંકર કેમ નહિ ? એટલા માટે વસ્તુતઃ એનો અર્થ એ છે કે વ્યભિચાર દોષથી જે સંતતિ ઉત્પન્ન થાય છે તેને વર્ણસંકર કહે છે અને તે સંકરોના પિતૃઓ એમ નર્કમાં પડે છે કે તેઓ પોતાના વૃદ્ધોનો યથાયોગ્ય સત્કાર કરતા નથી.

હવે वासांसि जीर्णानि० એ ગીતાના બીજા અધ્યાયના ૨૨ મા શ્લોક માટે કહેવાનું કે મેં મારા નિબંધમાં એમ ક્યારે કહ્યું છે કે આ શ્લોકથી કૃષ્ણ મહારાજ શ્રાદ્ધ કરવાની ના કહે છે ? સઘળા વિદ્વાનો જે અર્થ કરતા આવ્યા છે તેજ અર્થ મેં મૂકયો છે. છતાં મિ. ચોલેરાના સમજવા પ્રમાણે અર્થમાં ફેર શો છે તે સમજી શકાતું નથી. મારા નિબંધમાં આપેલ અર્થ હું અત્રે ફરીથી લખું છું. તેમાં કયે સ્થળે ફેર છે તે મિ. ચોલેરા બતાવી આપશે તો હું તેમનો આભારી થઇશ.

અર્થઃ—જેવી રીતે મનુષ્ય જૂનાં કપડાંનો ત્યાગ કરીને બીજાં નવાં કપડાંને ધારણ કરે છે, તેવીજ રીતે આત્મા જૂના શરીરને ત્યાગીને નવાને પ્રાપ્ત થાય છે.

આમાં જો કે સ્પષ્ટ રીતે મૃતક શ્રાદ્ધની ના નથી કહી છતાં આપણે સમજી શકીશું કે મનુષ્ય જ્યારે મરતાંજ બીજું શરીર ધારણ કરી લે છે–તેમને માટે કોઇ અમુક સ્થળ રાખી મૂકેલ નથી—ત્યારે તેમના નિમિત્તે જે બ્રાહ્મણોને જમાડવામાં આવે છે તે તેમને કયે સ્થળે પહોંચે છે ? તેના આત્માએ તો ક્યારનું બીજું શરીર ધારણ કરી લીધેલું હોય છે !

रुद्रादित्या वसवो० એ ગીતાના ૧૧ મા અધ્યાયના ૨૨ મા શ્લોકથી મિ. ચોલેરા મૃતક શ્રાદ્ધ સિદ્ધ કરવાને પ્રયત્ન કરે છે. પરંતુ તેમણે તે શ્લોકનો કરેલો અર્થ ભ્રમ મૂલક છે. કારણ કે પિતૃઓ, ગંધર્વો, યક્ષો, અસુરો આદિ કોણ છે તે વિષે ઉપર મેં પ્રમાણો આપી સાબિત કરેલું છે. તેવા પિતૃઓ વિગેરે ને ઉદ્દેશીને તે શ્લોક કહેવામાં આવ્યો છે. મૃત પિતૃઓ માટે નહિજ.

મહા ભારતના અનુશાસન પર્વમાં મહારાજા યુધિષ્ટર પિતામહને પુછે છે કે શ્રાદ્ધ કોણે ચલાવ્યાં ? તેના ઉત્તરમાં પિતામહ કહે છે કે તેનો આરંભ નિમિ ઋષીએ કર્યો. આગળ ચાલતાં તેઓ કહે છે કેઃ—

तत्कृत्वा मुनि श्रेष्ठो धर्म संकट मात्मनः ।
पश्चात्तापेन महत्ता तप्यमानोऽभ्यचिन्तयत् ॥

તે (શ્રાદ્ધ) કરવાથી મુનિ (નિમિ) ધર્મ સંકટમાં આવી પડયા તેથી અત્યંત પશ્ચાતપ્ત થઇને તેઓ ચિંતન કરવા લાગ્યા. આગળ ચાલતાં તે મુનિ કહે છે કેઃ—

अकृतं मुनिभिः पूर्वं किंमयेद मनुष्ठितम् ।
कथं नुशापेन न मां दहेयुर्ब्राह्मणा इति ॥

અર્થ—આથી પહેલાં આવું કામ (મૃતક શ્રાદ્ધ નથી કર્યું. હાય ! મેં કેવું અનુચિત કર્મ કર્યું ! બ્રાહ્મણો મને શ્રાપ આપીને ભસ્મ ન કરે તો ઠીક.

વરાહ પુરાણમાં પણ શ્રાદ્ધોત્પતિ પ્રકરણમાં એજ કથા મળી આવે છે. જેનો સારાંશ આ છે :—

" એની વચ્ચે ઋષિઓથી વિભૂષિત (તપો રણ્યમાં) નારદજી પધાર્યા. તેમને જોઇને ભયભીત થઇને વારંવાર શ્વાસ લેતાં, સલજ્જન અને કરૂણાયુક્ત થઇ ગદ્‌ગદ વાણીથી તેઓ (નિમિ ઋષિ) બોલ્યા—"હે નારદજી ! મેં આ સઘળું પુત્રના સ્નેહવશ થઇને કર્યું છે ! બ્રાહ્મણોને અન્ન ફળ ખવરાવ્યાં, દર્ભ ઉપર પિંડ દીધા, અપસવ્યને જળ દીધું. હે નારદ ! એ સઘળું શોક તથા સ્નેહના પ્રભાવથી મેં કર્યું છે ! મેં આ કર્મ પૂર્વે થયેલું કદી સાંભળ્યું નથી. તેમજ ન દેવોએ કે ન ઋષિઓએ આ કામ કદી કર્યું છે ! આ કારણથી મને બહુ ભય લાગે છે કે રખેને આપ મને અનુચિત કર્મ કરનારને શાપથી ભસ્મ કરો ! "

જેને માટે પુરાણો અને મહાભારત પણ આમ કહે છે તે કાર્યને શ્રી રામચંદ્રજી તથા કૃષ્ણચંદ્ર જેવા ઉતેજન આપે એ વાત મગજમાં ઠસવી મુશ્કેલ છે. જો મૃત પિતૃઓ માટેજ શ્રાદ્ધ હોત તો અથર્વ વેદમાં.

ये च जीवा ये च मृता ये जाता ये च याज्ञिया ॥

१८। ४। ५७।

એ મંત્રમાં જણાવ્યા પ્રમાણે ·જીવતાનું પણ શ્રાદ્ધ કેમ લખત ?

ગિરધર કૃત રામાયણ અને નરસિંહ મહેતાનાં ઉદાહરણો મારા નમ્ર મત પ્રમાણે તો આધાર રાખવાને તદ્દન અયોગ્ય છે.

આ માટે મારી પાસે શ્રૃતિ, સ્મૃતિ, પુરાણો વિગેરેનાં અનેક પ્રમાણો છે. પરંતુ તે લંબાણના ભયથી અત્રે આપવામાં આવ્યાં નથી. જે ભાઇને આટલેથી સંતોષ ન થાય તે જો મારી સાથે પત્ર વ્યવહાર કરશે તો હું તે ખુશીથી પુરાં પાડીશ. આશા છે કે મિ. ચોલેરાના મનનું આથી સમાધાન થશે.

છચ્છફળિયું. } લી. ભવદીયકૃપાકાંક્ષી.

ભુજ—કચ્છ. } વાઘજી વિં૦ જુઠા વિશ્રામ ઠક્કુર.

સમ્પૂર્ણ.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળી શકે

૧ વાઘજી વિ. જૂડા ત્રિશ્રામ ઠક્કુર.

છચ્છ ફળીઉં—કચ્છ ભૂજ.

૨ નારાયણજી ગોકળદાસ ડોસાણી.

રાણાવાવ—કાઠિયાવાડ.

અમદાવાદ ના 'સત્ય પ્રકાશ' પ્રી ટીંગ પ્રેસમાં ડાહ્યાભાઈ [illegible] ગાંધીએ છાપ્યું.